# તમારી દવાઓ અને સાધનો મેળવવાની એક નવી પદ્ધતિ

**ઈલેક્ટ્રોનિક પ્રિસ્ક્રિપ્શન સર્વિસ (ઈ.પી.એસ.) (Electronic Prescription Service (EPS)) એન.એચ.એસ.ની એક સેવા છે. તમારી દવાઓ અથવા સાધનો મેળવવા માટે તમે પસંદ કરેલા સ્થળે તમારા જીપીએ તમારું પ્રિસ્ક્રિપ્શન (દવા ચિઠ્ઠી) કેવી રીતે મોકલવું તે બદલવાની આ પદ્ધતિથી તમને તક મળે છે.**

**તમારા માટે આનો શું અર્થ થાય?**

- જો તમે તમારું રીપિટ પ્રિસ્ક્રિપ્શન (એક જ દવા ફરી ફરીને લખી આપવામાં આવતી દવા ચિઠ્ઠી) તમારા જીપી પાસેથી લેવા જતાં હશો, તો તમારે તમારું કાગળ પર છાપેલું પ્રિસ્ક્રિપ્શન લેવા માટે તમારા જીપી પાસે નહિ જવું પડે. તેના બદલે, તમારા જીપી તમે પસંદ કરેલા સ્થળે તે ઈલેક્ટ્રોનિક રીતે મોકલી આપશે જેનાથી તમારો સમય બચશે.
- તમારે તમારી દવાઓ ક્યાંથી મેળવવી તેની તમને વધારે પસંદગીઓ મળી રહેશે કારણ કે તમે જ્યાં રહેતાં, કામ કરતાં કે ખરીદી કરવા જતાં હો તેની નજીકમાં આવેલી કોઈ ફાર્મસી (દવાની દુકાન) પરથી તે લઈ આવી શકાય છે.
- તમારે ફાર્મસી પર હવે પહેલાં જેટલો સમય રાહ નહિ જોવી પડે કારણ કે તમે ત્યાં પહોંચશો તે પહેલાં તમારું રીપિટ પ્રિસ્ક્રિપ્શન તૈયાર કરવાનો તેમની પાસે સમય હશે.

**શું આ સેવા તમારા માટે યોગ્ય છે?**
હા, જો તમારી બીમારી સ્થાયી હોય અને તમે:

- તમારું રીપિટ પ્રિસ્ક્રિપ્શન લેવા માટે દરેક વખતે તમારા જીપીના દવાખાને જવા ન માગતાં હો.
- મોટાભાગે તમે એક જ સ્થળેથી તમારી દવાઓ લેતાં હો.
- હાલમાં પ્રિસ્ક્રિપ્શન લઈ આવવાની સેવાનો ઉપયોગ કરતાં હો.

ના, જો તમે:

- વારંવાર પ્રિસ્ક્રિપ્શન ન મેળવતાં હો.
- જુદા જુદા સ્થળેથી તમારી દવાઓ લેતાં હો.
- મુસાફરી કે કામ માટે ઘરથી બહાર ઘણો સમય રહેતાં હો.

**તમે ઈ.પી.એસ.નો કેવી રીતે ઉપયોગ કરી શકો છો?**
તમારે એવા સ્થળની પસંદગી કરવાની રહેશે જ્યાં તમારા જીપીનું દવાખાનું તમારું પ્રિસ્ક્રિપ્શન ઈલેક્ટ્રોનિક રીતે મોકલી શકે. આને 'નોમિનેશન' (સ્થળની પસંદગી કરવી) કહેવાય છે. તમે આમાંથી કોઈ સ્થળ પસંદ કરી શકો છોઃ

- ફાર્મસી.
- સાધનોનું વિતરણ કરનારા કોન્ટ્રાક્ટર (જો તમે તે વાપરતાં હો તો).
- દવાઓ આપતું તમારા જીપીનું દવાખાનું (જો તમે યોગ્યતા ધરાવતાં હો તો).

ઈ.પી.એસ.ની સેવા આપતી કોઈ પણ ફાર્મસી અથવા સાધનોનું વિતરણ કરનારા કોન્ટ્રાક્ટરને પૂછો અથવા તમારા જીપીને કહો કે તમારી પસંદ કરેલી જગ્યા તમારા માટે ઉમેરી આપે. આ કરવા માટે તમારી પાસે કમ્પ્યુટર હોવું જરૂરી નથી.

**શું હું મારા પસંદ કરેલા સ્થળને બદલી શકું કે તે રદ કરીને કાગળ પર છાપેલું પ્રિસ્ક્રિપ્શન મેળવી શકું છું?**
હા, તમે તે કરી શકો છો. જો તમારું પ્રિસ્ક્રિપ્શન ઈલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવે એવું તમે ન ઈચ્છતાં હો, તો તમારા જીપીને કહો. જો તમે તમારા પસંદ કરેલા સ્થળને બદલવા કે રદ કરવા માગતાં હો તો ઈ.પી.એસ.ની સેવા આપતાં કોઈ ફાર્મસિસ્ટ સાથે અથવા સાધનો વેચનારા કોન્ટ્રાક્ટર સાથે અથવા તમારા જીપીના દવાખાનામાં વાત કરો. તમારું હવે પછીનું પ્રિસ્ક્રિપ્શન આવવાનું હોય તે પહેલાં તેમને તે કહી દો, નહિતર તમારું પ્રિસ્ક્રિપ્શન ખોટી જગ્યાએ મોકલી દેવામાં આવે એવું બને.

**શું ઈ.પી.એસ. ભરોસાપાત્ર, સલામત અને ખાનગી છે?**
હા. હાલમાં જીપીના દવાખાના, ફાર્મસીઓ અને એન.એચ.એસ. પ્રિસ્ક્રિપ્શનની ચૂકવણીઓ કરતી અને છેતરપીંડીઓ પકડતી સંસ્થાઓમાં જે લોકો તમારું કાગળ પર છાપેલું પ્રિસ્ક્રિપ્શન જોતાં હશે તે જ લોકો તમારું ઈલેક્ટ્રોનિક પ્રિસ્ક્રિપ્શન પણ જોઈ શકશે.
કેટલીકવાર વિતરણ કરનારાં લોકો કદાચ જુએ કે તમે બીજા વિતરકની ભલામણ કરેલી છે. દાખલા તરીકે, જો તમે ભૂલી જાવ કે તમે કોની ભલામણ કરેલી છે અને તેમને તપાસ કરવા માટે પૂછો, અથવા જો તમે એક કરતાં વધારે વિતરકોની ભલામણ કરેલી હોય.

**ઈ.પી.એસ. વિશે વધારે માહિતી માટે www.hscic.gov.uk/eps જુઓ અથવા તમારી ફાર્મસીમાં કે જીપીના દવાખાનામાં જાવ.**